બિડાણ :-ઉપસચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના પત્ર
ક્રમાંક નં.-પરચ-૧૦૨૦૨૧-૧૯૯૮-ક.૨, તા.૦૪/૦૧/૨૦૨૨

વિષય:- યુનિવર્સિટીના ઓડીટ દરમ્યાન રેકર્ડ રજુ ન કરવા બાબત.

---

જા.નં.ન.કૃ.યુ./હિ.નિ./ઓડીટ/૧૦૦૩/૨૦૨૨ તા:- ૦૮/૦૨/૨૦૨૨

સદરહુ પત્ર ઉપર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

સામેલ :- ઉપર મુજબ.

હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના</u> :- અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/- ઉપસચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના સામેલ પત્રમાં જણાવ્યા મુજબ અમલ થવા સારૂ.

Azadi Ka Amrit Mahotsav

सत्यमेव जयते
Government of Gujarat

ક્રમાંકઃ- પરચ-૧૦૨૦૨૧-૧૯૯૮-ક.૨
ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 14 JAN 2022

પ્રતિ,

- કુલસચિવશ્રી,
  કૃષિ યુનિવર્સિટી, આણંદ/ નવસારી/જૂનાગઢ/ સરદારકૃષિનગર.

- સહપ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર.

વિષયઃ યુનિવર્સિટીના ઓડીટ દરમિયાન રેકર્ડ રજૂ ન કરવા બાબત.

ઉપર્યુકત વિષય પરત્વે સંયુકત નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગરના તા.૦૪-૧૦-૨૦૨૧ના પત્રથી (આ સાથે સામેલ છે) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરીઓ દ્વારા તેમના કાર્યક્ષેત્રોમાં આવતી યુનિવર્સિટીઓનુ ઓડીટ કરવામાં આવે ત્યારે ઓડીટ વર્ષ દરમ્યાન થયેલ તમામ ખર્ચનું રેકર્ડ પ્રાથમિક વાંધાઓ આપવા છતાં ઓડીટમાં રજૂ કરવામાં આવતું નથી. સંસ્થા તરફથી રેકર્ડ રજૂ ના થવાના કારણે કોઇ નાણાકીય કે યોજનકીય ગેરરીતી કે અનિયમિતતા ધ્યાને આવતી નથી આથી જાહેર નાણાંનો ઉપયોગ નિર્દિષ્ટ હેતુ માટે, સમયસર, નિયમોનુસાર થાય તે જોવાનો ઓડીટનો ઉદ્દેશ સિધ્ધ થતો નથી. ઓડીટ સમક્ષ રેકર્ડ રજૂ ન થાય તો રેકર્ડ ગૂમ થયેલ છે તેમ માનવાને કારણ છે અને આવા સંજોગોમાં સરકારી રેકર્ડ ગૂમ થવા અંગે પોલીસ ફરિયાદ તુર્ત જ નોંધાવામાં આવે તે અનિવાર્ય પણે જરૂરી છે તેમ જણાવેલ છે.

આથી, ઓડીટ દરમિયાન ઓડીટ સમક્ષ રેકર્ડ રજૂ ન થાય તો સંબંધિત સંસ્થાએ સરકારી રેકર્ડ ગૂમ થવા અંગે તૂર્ત જ પોલીસ ફરિયાદ નોંધાવાની રહે. જે મુજબ કાર્યવાહી થાય તથા રેકર્ડ રજૂ ન થવાના સંજોગોમાં સંસ્થા દ્વારા રેકર્ડ રજૂ કરવા જવાબદાર વ્યક્તિ દ્વારા કરવાની કાર્યવાહી કે સંસ્થા દ્વારા રેકર્ડ રજૂ કરાવવા યોગ્ય નિયંત્રણની પધ્ધતિ દાખલ કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

Council (Gandhinagar)

(એમ. બી. કંથારિયા)
ઉપસચિવ (કૃષિ યુનિ.)
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણઃ ઉપર મુજબ.

ડૂ.૧/ ૫.


# નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી

બ્લોક નં. ૧૭, બીજોમાળ, ડો. જીવરાજ મહેતાભવન,

ગાંધીનગર- ૩૮૨૦૧૦, ☎ ( ૦૭૯ )૨૩૨૫૩૯૦૮( નિરીક્ષક )

E mail : exam-dat@Gujarat.gov.in


પત્રનં. એલ/એચક્યુ/વ૯૮/ટે-૧/ ૪૫૧/ ૪૫૬૩થી/ ૪૫૬૬ તા. -૦૯ ૨૦૨૧
૪/૧૦/૨૦૨૧

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક ૪૫૨૬૯૨
7 OCT 2021
શાખા...............

પ્રતિ,

નાયબ સચિવશ્રી,

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

નાયબ સચિવશ્રી,

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

નાયબ સચિવશ્રી,

રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

વિષય: યુનિવર્સિટીના ઓડિટ દરમિયાન રેકર્ડ રજુ ન કરવા બાબત.

મહાશય

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની યુનિવર્સિટીનું ઓડીટ સબંધિત યુનિવર્સીટીના
અધિનિયમની જોગવાઈ /સરકારશ્રીના ઠરાવથી નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબને સોપવામાં આવેલ છે
તાબાની જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરીઓ દ્વારા તેમના કાર્યક્ષેત્રોમાં આવતી યુનિવર્સિટીનું ઓડીટ
કરવામાં આવે છે. ઓડીટ શરૂ થાય ત્યારે ઓડીટ વર્ષ દરમ્યાન થયેલ તમામ ખર્ચ અંગેનું રેકર્ડ તુર્ત જ
રજુ કરવાની જવાબદારી સંબંધિત યુનિવર્સિટીની છે. તેમ છતાં ઘણાં કિસ્સામાં સંસ્થા દ્વારા જરૂરી રેકર્ડ
પ્રાથમિક વાંધાઓ આપવા છતાં ઓડિટમાં રજુ કરવામાં આવતું નથી.

અનુભવે જોતાં જણાય છે કે, ઓડીટ દરમ્યાન સંસ્થા તરફથી રેકર્ડ રજૂ નહી કરવાનું વલણ
વધતું જાય છે. જાહેર નાણાંનો ઉપયોગ નિર્દિષ્ટ હેતુ માટે, સમયસર, નિયમોનુસાર થાય તે જોવાનો
મુખ્ય અને મૂળભૂત ઉદ્દેશ છે. ઓડીટ સમયે રેકર્ડ સમયસર રજુ કરવાની પ્રાથમિક જવાબદારી છે. આમ,
સંસ્થા દ્વારા ઓડીટ સમક્ષ રેકર્ડ રજૂ કરવાની વિવેકાધીન બાબત નથી. ઓડીટ સમક્ષ રેકર્ડ રજૂ ન થાય
તો રેકર્ડ ગૂમ થયેલ છે તેમ માનવાને કારણ છે અને આ સંજોગોમાં સરકારી રેકર્ડ ગૂમ થવા અંગે
પોલીસ ફરિયાદ તુર્ત જ નોંધવામાં આવે તે અનિવાર્ય પણે જરૂરી છે. પરંતુ આવી વિગતો ન હોવા છતાં
રેકર્ડ રજુ ન થવાના કારણની વિગતો સંસ્થા દ્વારા ઓડીટને રજૂ થતી નથી. સંસ્થા તરફથી રેકર્ડ રજુ ના
થવાના કારણે કોઈ નાણાકીય કે યોજનાકીય ગેરરીતી કે અનિયમિતતા ધ્યાને આવતી નથી. આમ
ઓડીટ કરવાનો ઉદ્દેશ સિધ્ધ થતો નથી.

૨૨૭૭૪/K.2
૧૧/૧૦/'૨૧

યુનિવર્સિટીના ઓડિટ દરમિયાન ઓડીટ સમક્ષ રેકર્ડ રજૂ ન થાય તો સંબંધિત સંસ્થાએ સરકારી રેકર્ડ ગૂમ થવા અંગે તુર્ત જ પોલીસ ફરિયાદ નોંધાવવાની રહે. જે મુજબ કાર્યવાહી થાય તે અંગે આપના નિયંત્રણની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને આ અંગે જરૂરી સૂચના આપવા તથા રેકર્ડ રજુ ન થવાના સંજોગોમાં સંસ્થા દ્વારા રેકર્ડ રજૂ કરવા જવાબદાર વ્યકિત દ્વારા કરવાની કાર્યવાહી કે સંસ્થા દ્વારા રેકર્ડ રજુ કરાવવા યોગ્ય નિયંત્રણની પધ્ધતિ દાખલ કરી તે અંગેની સંબંધિત યુનિવર્સિટીને સૂચના આપવા વિનંતી છે.

બિડાણ- ઉપર મુજબ

સંયુકત નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
ગાંધીનગર

નોંધ પર નિરીક્ષકશ્રીએ આપેલ આદેશ મુજબ

નકલ સવિનય રવાના :

નાયબ સચિવશ્રી નાણા વિભાગ 'ઝ' શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ તથા આપની કક્ષાએથી સંબધિત વહીવટી વિભાગને રેકર્ડ રજુ ન કરવા અંગેના કિસ્સામાં જવાબદારી નકકી કરતી સૂચનાઓ પરિપત્રિત કરવા અંગે જાણ કરવા વિનંતી.